પેપર નં. ૨

પ્રશ્ન : ૧ (અ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના આશરે દશ લીટીમાં સવિસ્તાર ઉત્તર લખો. (૧૦)

(૧) મંગુ પ્રત્યેનું અમરતકાકીનું વાત્સલ્ય આલેખો.

(૨) 'ભણકારા' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(૩) મૃણાલવતી અને મુંજના અંતિમ મિલનનો પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો.

(બ) નીચેનામાંથી કોઈપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો. (૪)

(૧) 'થીંગડું' નવલિકામાં ઊપસતું પ્રભાશંકરનું પાત્રચિત્ર.

(૨) નાનુભાઈનો નુસખો સફળ થયો એમ શાના આધારે કહી શકાય ?

(ક) નીચેનામાંથી કોઈપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો. (૨)

(૧) નદી કિનારેથી મળી આવેલ બાળકને જીવાડવા જિદુનાથે કરેલા પ્રયત્નો જણાવો.

(૨) પતિનો પ્રેમ મેળવવા માટે કુમુદે શું કર્યું ?

(ડ) નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો. (૨)

(૧) મરતા જુમાને વેણુએ શી રીતે બચાવ્યો ?

(૨) 'રાજા' ધોધની ભવ્યતાનો ખ્યાલ આપો.

પ્રશ્ન : ૨ (અ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના આશરે દસ લીટીમાં ઉત્તર લખો. (૧૦)

(૧) 'અમે પકડી આંબલિયાની ડાળ' કાવ્યમાં પ્રયોજેલા રૂપકોની ચર્ચા કરો.

(૨) 'આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે' - લોકગીતનું વકતવ્ય સ્પષ્ટ કરો.

(૩) 'પકડો કલમને' ગઝલનો મધ્યવર્તી વિચાર.

(બ) નીચેનામાંથી કોઈપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો. (૪)

(૧) 'હું તો ચહું' - સૉનેટમાં કરાયેલું યૌવનનું ગૌરવ

(૨) કવિના ચિત્ત પર પતંગિયાની શી અસર રહી ?

(ક) નીચેનામાંથી કોઈપણ એક પર આશરે આઠ લીટીમાં મુદ્દાસર નોંધ લખો. (૪)

(૧) અબોલા રાણીના અબોલા છોડાવવા વિક્રમરાજાએ કરેલી યુકિત અને તેનું પરિણામ.

(૨) 'સ્મૃતિભ્રમ' કાવ્યનું વકતવ્ય સ્પષ્ટ કરો.

(ડ) નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો. (૨)

(૧) કૃષ્ણ શાથી નિઃશબ્દ બની ગયા છે ?

(૨) 'નીચ દૃષ્ટિ તે નવ કરે....' એ દુહામાં દર્શાવેલી મહાન વ્યકિતઓની વિશિષ્ટતા સમજાવો.

પ્રશ્ન : ૩ (અ) નીચેઆપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર આપેલ મુદ્દાઓના આધારે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો. (૧૦)

(૧) **આજના યુવાનને થયું છે શું ?** (પ્રસ્તાવના- સામાજિક સંસ્કારો - સિનેમાની અસર - આદર્શોની ઉપેક્ષા - પશ્ચિમી સંસ્કૃતિની અસર - ઉપસંહાર)

(૨) **વૃક્ષ જતન આબાદ વતન** (પ્રસ્તાવના- વૃક્ષ જીવાદોરી સમાન - વૃક્ષની ઉપયોગિતા - વૃક્ષ જતનનું મહત્વ - ઉપસંહાર)

(બ) તમારી શાળામાં ઉજવાયેલ સ્વયં શિક્ષકદિનનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.

(ક) આપેલા ગદ્યખંડનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો. **(૫)**

લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તોયે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચતમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય તોયે હું સરખી રીતે વાંચીશ, કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તોયે હું તે સરખી કાળજીથી લખીશ. ક્રિકેટ મેચ ટ્રોફી માટેની હોય કે ખાલી 'મૈત્રીરમત' હોય તોયે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહીં, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરક બળ હશે. મનના આ વલણને કલાકારો કલા ખાતરકલા કહે છે. પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતનાં ભાષાંતર. કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટીનું કામ. પૂજામાં દેવમૂર્તિને ચોખા ચઢાવાય છે. ચોખાના દાણા અક્ષત હોવા ઘટે. એ સારા દાણા ભેગા એક તૂટેલા હોય તો 'ચાલશે' એમ માને તો તે સાચો પૂજારી નથી.

- ફાધર વાલેસ

પ્રશ્ન : ૪ (અ) નીચેનું કાવ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. **(૫)**

આ છેલ્લી યાચના આપ પાસે,
મારા ઊંડા છેક અંતસ્તલેથી
છેદી નાંખો ક્ષીણતા સર્વ મારી
પૂરા જોર ખડગ, ઝીંકી, પ્રભુજી !
સુખોને ય જીરવી જાણવાની
શક્તિ દેજો દુઃખમાં એહવી કે
દુઃખો મારાં શાંત મોંએ હસીને
શક્તિ દેજો ભક્તિની નાથ એવી
જેણે મારાં દુન્યવી સ્નેહપ્રેમ
મ્હેંકી ઊઠે પુણ્યનાં પોયણાં શાં.
કંગાલોને જ્ઞાનહીણાં કરું ના,
જાલીમોને પાય ઝૂકી પડું ના,
ઊંચી માથે ક્ષુદ્રતાની વચાળે
ચાલું એવી શક્તિ આપો, પ્રભુજી !
શક્તિ દેજો આપને પાય નામી
પોતાને હું સ્થિર રાખું સદૈવ.

- ઝવેરચંદ મેઘાણી

પ્રશ્ન : (૧) કવિ ક્ષીણતાને કેવી રીતે છેદી નાખવાનું કહે છે ?
(૨) કવિ સુખ દુઃખમાં કેવી રીતે શક્તિ માંગે છે ?
(૩) કવિએ ભક્તિની શક્તિ શા માટે માંગી છે ?
(૪) કંગાલો અને જાલીમો સાથે કવિ કેવી રીતે વર્તવા ઇચ્છે છે ?
(૫) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(બ) નીચેમાંથી કોઇપણ એકનો આશરે દશ લીટીમાં વિચાર વિસ્તાર કરો. **(૫)**

(૧) ધન, જોબ્બન ને ઠાકરી, ઉપર અવિવેક
એ ચારે ભેગાં મળે, અનરથ કરે અનેક.

(૨) ઊગે કમળ પંકમાં, તદપિ દેવ શિરે ચડે,
નહિ કુળથી કિન્તુ મૂલ્ય મુલવાય ગુણો વડે.

(ક) (૧) નીચે આપેલા વિધાનોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર શોધીને લખો. **(૨)**

(૧) કાશીમાને મન.....

(અ) છોરાં, બિલાડી અને કૂતરા વગર અવતાર, ઘર અને ફળી સૂનાં લાગે છે.

(બ) બિલાડી અને કૂતરા ત્રાસજનક લાગે છે.

(ક) કૂતરા-બિલાડાં વધારે ભયંકર અને બિહામણાં લાગે છે.

(૨) ગાંધીજીને મતે .....

(અ) સત્યની શોધ વિના અહિંસા અસંભવિત છે.

(બ) હિંસા વિના સત્યની શોધ અસંભવિત છે.

(ક) સાધના વિના સત્યની શોધ અસંભવિત છે.

(૨) (અ) 'અ' વિભાગનાં પાત્રો સામે 'બ' વિભાગમાંની સાચી ઉક્તિ શોધીને લખો. **(૧)**

'અ'	'બ'
(૧) ગણપત	(૧) ''તને પણ લાડ કરવાની ટેવ પડી છે''
(૨) જીતુભાઇ	(૨) ''ગધેડા ! બધી બાજી ધૂળમાં મેળવી દેત !''
	(૩) ''ગાંડી, વીતી વાત યાદ ન કરીએ.''

(બ) 'અ' વિભાગમાં દર્શાવેલી સાહિત્યકૃતિ સામે 'બ' વિભાગમાંથી તેમના કર્તાનું સાચું નામ શોધીને લખો. **(૧)**

'અ'	'બ'
(૧) ફૂલડાં-કટોરી	(૧) વ્રજલાલ દવે
(૨) નગરમાં ચાંદની	(૨) રમેશ પારેખ
	(૩) ન્હાનાલાલ

(ક) 'અ' વિભાગનાં પાત્રો સામે 'બ' વિભાગમાંથી સાચી કૃતિ શોધીને લખો. **(૧)**

'અ'	'બ'
(૧) વલભો	(૧) એક એકરાર
(૨) કુમુદ	(૨) આગગાડીના અનુભવો
	(૩) લોહીની સગાઇ

(ડ) 'અ' વિભાગમાં દર્શાવેલી સાહિત્યકૃતિ સામે 'બ' વિભાગમાંથી સાહિત્ય પ્રકાર શોધીને લખો. **(૧)**

(૧) મધ્યાહ્નનું કાવ્ય	(૧) ચિંતનાત્મક લેખ
(૨) મન	(૨) વર્ણનાત્મક નિબંધ
	(૩) ઊર્મિગીત

(૩) **કાવ્યપૂર્તિ કરો.** (૪)

ફૂલનો પછેડો ઓઢું ..... મારી આંખડી હોજી.

પ્રશ્ન : ૫ સુચના પ્રમાણે કરો.

(ક) **નીચેના શબ્દોની સાચી જોડણી લખો.** (૨)

કારકિર્દિ, કૂતૂહલ, મૂહુર્ત, નીમણૂક

(ખ) (૧) **સંધિ છોડો :** (૧)

પવન, સદૈવ

(૨) **સંધિ જોડો :** (૧)

સૃજ્ + તિ, યથા + ઇષ્ટ

(ગ) (૧) **સમાસ ઓળખાવો. :** ગિરીશૃંગ, અમૃતઝારી (૧)

(૨) **બેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** (૧)

(અ) અવાજ સંભળાતો હોય એવો ખોટો ભાસ થવો તે.

(બ) પાણીની અંદર ભળેલો ચીકણો કાદવ.

(ઘ) (૧) **આપેલા વાકયનું સૂચના પ્રમાણે પરિવર્તન કરો.** (૧)

(૧) શ્રુતિ બધું સમજે છે. (પ્રેરક વાકય રચના કરો)

(૨) હું તારી છાત સમજી શકતો નથી. (કર્મણ વાકય રચના કરો)

(૨) **આપેલા વાકયનું સૂચના પ્રમાણે રૂપાંતર કરો.** (૧)

(૨) દવાખાનાવાળાને શી લાગણી હોય ? (વિધાન વાકય બનાવો.)

(૧) કુદરત આગળ બધા લાચાર છે. (પ્રશ્ન વાકય બનાવો.)

(ચ) (૧) **આપેલા બે છંદના પ્રકાર લખો** (૧)

(૧) નરદેવ ભીમકની સુતા દમયંતી નામે સુંદરી

(૨) હજી તારી કાયા મુજ નયન સામે ઝળહળે

(૨) **છંદ ઉદાહરણ આપો. :** અનુષ્ટુપ (૧)

(છ) (૧) **અલંકાર ઓળખાવો.** (૧)

(૧) તમે પસંદ કરેલું પાત્ર પાણી વિનાનું છે.

(૨) સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર ?

(૨) **અલંકારનું ઉદાહરણ આપો :** વ્યાજસ્તુતિ (૧)

(જ) (૧) **રૂઢિપ્રયોગનો અર્થ આપી વાકય પ્રયોગ કરો :** કંઠે ભુજાઓ રોપવી. (૧)

(૨) **કહેવત સમજાવો :** કૂવામાં હોય તો હવાડામાં આવે. (૧)

(ઝ) (૧) **પર્યાય શબ્દો આપો :** અસુર, રિપુ, (૧)

(૨) **તળપદા શબ્દોનાં શિષ્ટરૂપો આપો :** ગોજ, ભૂતાં (૧)

(ટ) **વાકય વિશ્લેષણ કરો.** (૨)

મને ઘણી વાર થતું કે ગામલોકો થોડીક મદદ કરે તો વધુ દવા લાવી શકાય.

(ઠ) (૧) **વાકયને યોગ્ય પદક્રમમાં ગોઠવો.** (૧)

ધણી માથે ભગવાન છે બેઠો.

(૨) **ભાવવાચક સંજ્ઞા બનાવો. :** સૂચવવું, તેજસ્વી. (૧)

* * * * *